# Visit of External Affairs Minister to Israel (October 17-21, 2021)

October 16, 2021

---

# વિદેશમંત્રીની ઈઝરાયલ મુલાકાત (ઓક્ટોબર 17-21, 2021)

ઓક્ટોબર 16, 2021

ઈઝરાયલના વૈકલ્પિક વડાપ્રધાન અને વિદેશમંત્રી મહામહિમ યાઈર લેપીડના આમંત્રણ પર વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર 17-21 ઓક્ટોબર, 2021 દરમિયાન ઈઝરાયલની સત્તાવાર મુલાકાત લેશે. વિદેશમંત્રી તરીકે તેમની ભારતની આ પ્રથમ મુલાકાત હશે. તેઓ ઈઝરાયલના વૈકલ્પિક વડાપ્રધાન અને વિદેશમંત્રી સાથે દ્વિપક્ષીય મુલાકાત કરશે. આ ઉપરાંત તેઓ રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને કનેસેટના સ્પીકર સાથે વાતચીત કરશે.

ભારત અને ઈઝરાયલ જુલાઈ 2017માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઐતિહાસિક ઈઝરાયલ મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે લઈ ગયા હતા. ત્યારથી બંને દેશ વચ્ચેના સંબંધોએ જ્ઞાન આધારિત ભાગીદારી વિસ્તારવા પર ફોક્સ કર્યું છે જેમાં 'મેક ઈન ઈન્ડિયા' પહેલને ઉત્તેજન આપવા સહિત ઈનોવેશન અને સંશોધન ક્ષેત્રમાં સહયોગ સામેલ છે.

વિદેશમંત્રી ઈઝરાયલમાં ભારતીય મૂળના યહુદી સમુદાય, ઈન્ડોલોજિસ્ટ્સ, ઈઝરાયલી યુનિવર્સિટીમાં શિક્ષણ મેળવી રહેલા ભારતીય વિદ્યાર્થીઓ અને હાઈ-ટેક ઈન્ડસ્ટ્રી સહિતના બિઝનેસ સમુદાયના લોકો સાથે સંવાદ કરશે.

આ મુલાકાત દરમિયાન તેઓ ભારતના બહાદુર સૈનિકોને પણ શ્રદ્ધાંજલિ આપશે જેમણે આ પ્રદેશમાં, ખાસ કરીને પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન પોતાના પ્રાણોની આહૂતિ આપી હતી.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 16, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.